## ઉત્તર ગુજરાતમાં જનગણના મહાઅભિયાન વિલંબમાં પડ્યું

**કોરોનાના કારણે મહાઅભિયાન વિલંબમાં, ગણનાનો ચિતાર ફેબ્રુઆરી-૨૦૨૨માં મળશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ઉત્તર ગુજરાતમાં જનગણના મહાઅભિયાન વિલંબમાં પડ્યું છે. કોરોનાનું સંક્રમણ અને તેના કારણે લાખો લોકોના થયેલા સ્થળાંતર સેસન્સ ૨૦૨૧ના અભિયાનમાં અવરોધ ઉભો થયો છે. જેમાં જનગણનાની વિગતો અને ચિતાર માટે ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી રાહ જોવી પડશે.

સરકાર દ્વારા જનગણનાની સાચી વિગતો મેળવવામાં આવતી હોય છે જેમાં દરેક વ્યક્તિના આર્થિક, સામાજીક વિકાસને ધ્યાનમાં રાખી ગણના માટે હજારો કર્મચારીઓને જોડવામાં આવતા હોય છે. ઉત્તર ગુજરાતમાં ૨૦૨૧ ની જનગણનાની કામગીરી માટે ડોર ટુ ડોર સર્વે શરૂ થવાનો હતો પરંતુ ૫ જિલ્લામાં હાવિ થયેલા કોરોના સંક્રમણના કારણે કામગીરી પાછળ ધકેલાઈ છે. સેસન્સ ૨૦૨૧ના ડેટા માત્ર ને માત્ર વસતી આધારીત નહીં પરંતુ ઝીણામાં ઝીણી વિગતો જેમાં તમામ જ્ઞાતિઓ અને ધંધાર્થીઓની વિગતો એકત્રિત કરવામાં આવશે. કેટલા ધર્મના લોકો હાલ વસવાટ કરી રહ્યા છે અને તેઓ કઈ ભાષા બોલે છે તેનો પણ ઉલ્લેખ નોંધવાનો રહેશે. ખેડૂતો, ખેતમજૂરો, આદ્યૌગિક ગૃહ, રોજગારી મેળવતા કારીગરો, શ્રમિકોના આંકડા પણ એકત્રિત કરવાનું જનગણનાનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ કોરોના સંક્રમણ અને માઈગ્રેશનના કારણે ૫ જિલ્લામાં જનગણનાનો ચિતાર ઘોંચમાં પડ્યો છે. આ ઉપરાંત વિદેશમાંથી વતનમાં સ્થળાંતર કરી આવેલા પરિવારોની પણ જનગણના અંતર્ગત નોંધ થવાની હતી પરંતુ હવે જનગણના આગળ કોરોના સહિતના પરીબળો અવરોધરૂપ બન્યા છે જેથી જનગણનાનો સાચો ચિતાર આગામી ફેબ્રુઆરી-૨૦૨૨માં મળી શકે તેમ છે.

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૫૦૦૦ નિલગાયની હાજરી, વાહન ચાલકો માટે યમદૂત

**દર ૬ મહિને વસતીમાં ૫૦ નો વધારો : ૬ વર્ષમાં નિલગાયની ટક્કરથી ૨૦ થી વધુનાં મોત**




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભલે વન વિભાગની બેદરકારીથી વન્ય વિસ્તાર ઘટતો હોય પરંતુ નિલગાયની વસતીમાં વધારો થયો છે. જિલ્લામાં ૫૦૦૦થી વધુ નિલગાયની હાજરી જોવા મળે છે. નિલગાયના અતિક્રમણથી ખેડૂતો પાયમાલ થઈ ગયો છે. જ્યારે ગમે ત્યારે રસ્તા ઉપર આવી જતી નિલગાયની ટક્કરથી પાછલા ૬ વર્ષમાં ૨૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે.

વર્ષ-૧૯૯૯ થી જિલ્લામાં નિલગાયની સતત વધતી વસતી બાબતે વન વિભાગને જાણકારી આપવાની સાથે નિલગાયોનું યોગ્ય રીતે સંવર્ધન કરી તેમની વસતીને કાબુમાં રાખવા માટે જરૂરી પ્રયાસ કરવા જણાવાયું હતું પરંતુ વન વિભાગે આવા વન્ય પ્રાણીઓને અભ્યારણમાં મોકલવાની સાંત્વના આપ્યા પછી પણ રાજ્યમાં ત્યાર પછી ૭ મુખ્ય મંત્રી બદલાયા પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને વસતી વિસ્ફોટમાંથી મુક્તિ મળવાના સારા દિવસો જોવા મળ્યા નથી. બાયડ-દહેગામ, બાયડ-સાઠંબા, કપડવંજ-બાયડ, ધનસુરા-મોડાસા, મોડાસા-માલપુર-ગોધરા, ધનસુરા-હરસોલ-અમદાવાદ, હરસોલ-તલોદ, ચિલોડા-હિંમતનગર, શીકા-હિંમતનગર હાઈવે ઉપર અવાર નવાર નિલગાયો માર્ગો ઉપર આવવાથી ગમખ્વાર અકસ્માત સર્જાયા છે અને નાના વાહન ચાલકો મોતને ભેટ્યાના કેસ પોલીસ દફતરે નોંધાઈ રહ્યા છે. જ્યારે પૂરઝડપે જતા મોટા વાહનોની ટક્કરે નિલગાયના મોત નિપજવાના કિસ્સા પણ સામે આવતા હોય છે. જિલ્લામાં પાછલા દોઢ-બે વર્ષમાં જ નિલગાયની સંખ્યામાં ૫૦૦ થી વધુનો વધારો જોવા મળ્યો છે અને વન વિભાગે નિલગાયોની વસતી ઉપર નિયંત્રણ લાવવા માટે કોઈ પગલાં ન ભરતાં બાયડ, તલોદ, માલપુર, મોડાસાના ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે. કારણ કે રાત્રે ઉભી ખેતીમાં નિલગાયો ફરી વળતાં ખેડૂતનો તૈયાર પાક સાફ થઈ જાય છે.

**નિલગાય અથડાતાં ૬ વર્ષમાં ૨૦નાં મોત**

| તાલુકો | મોત |
|---|---|
| બાયડ | ૭ |
| માલપુર | ૩ |
| તલોદ | ૪ |
| ધનસુરા | ૨ |
| પ્રાંતિજ | ૨ |
| મેઘરજ | ૨ |

સરકારે નિલગાયોના આતંકને ખાળવા ગ્રામ પંચાયતના સરપંચોને નિલગાયને ભડાકે દેવા માટે જરૂરી મંજૂરીઓ આપી હોવા છતાં કોઈપણ સરપંચ વન્ય પ્રાણીની હત્યાનું પાપ લેવા તૈયાર નથી અને તે યોગ્ય પણ છે. પરંતુ દર વર્ષે ચોમાસા દરમ્યાન વન મહોત્સવના નામે તાયફા કરી કરોડો રૂપિયાનું આંધણ કરાય છે તેના બદલે સરકાર આવી ગ્રાન્ટો નિલગાયોના યોગ્ય વસવાટ માટે વાપરે તો જિલ્લાની પ્રજાની સલામતી જોખમાય નહીં અને ખેડૂતોના પાકનું રક્ષણ પણ થઈ શકે. પરંતુ વન વિભાગને તેમાં કોઈ જાજો રસ હોય તેવું દેખાતું નથી.

## પરબડા જિલ્લા પંચાયતના કોંગ્રેસ ઉમેદવારે વાજે ગાજતે ઉમેદવારી નોંધાવી

**ચૂંટણીનો માહોલ જામ્યો : મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટ્યા**




હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૧૦

સ્થાનિક ચૂંટણીનાં નગારાં વાગ્યાં છે ઉમેદવારીપત્ર ભરવાની શરૂઆત થઈ છે ત્યારે સાબરકાંઠાની ૨૭-પરબડા જિલ્લા પંચાયત બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અલ્પેશ વડેરાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા કાર્યકરો સાથે ઉમેદવારી નોંધાવતાં અન્ય પક્ષોને નોંધ લેવાની ફરજ પડી હતી.

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ફતેહ મેળવવા માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ટકોરા મારીને ઉમેદવારો પસંદગી કરવાની શરૂઆત કરી છે ત્યારે ૨૭-પરબડા જિલ્લા પંચાયત બેઠક માટે કોંગ્રેસના તમામ કાર્યકરોએ અલ્પેશ વડેરાને મેદાનમાં ઉતારવાની નિરીક્ષકો સમક્ષ રજૂઆત કરી હતી. કોંગ્રેસ નેતાગીરીએ પણ અદ્‌ભૂત લોકચાહના ધરાવતા યુવા ઉમેદવારને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લઈ ઉમેદવારીપત્ર ભરવા સૂચના આપતાં કોરોના ગાઈડલાઈનના અમલ સાથે ટેકેદારોના આશીર્વાદ લઈ યુવા ઉમેદવારે ગત રોજ જિલ્લા કલેક્ટર કચેરીએ બપોરે ૧૨-૩૯ કલાકે શુભ મુહર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉપસ્થિત કાર્યકરોએ પણ વાદ નહીં વિવાદ નહીં અલ્પેશ વડેરા સિવાય વાત નહીં..ના સૂત્રો પોકારી કોંગ્રેસ છાવણીને ઘેલમાં લાવી દીધી હતી. આ વિસ્તારા કોંગ્રેસ અગ્રણી અમિત પટેલ, મુદસર વિજાપુરા, સુરેખાબા બનુસિંહ પરમાર, નિરૂબા લાલસિંહ પરમાર વગેરેએ પરબડા જિલ્લા પંચાયત કોંગ્રેસના ઉમેદવારને ભારે બહુમતીથી ચૂંટી કાઢવા મતદારો અને કાર્યકરોને અપીલ કરી છે.

## બાયડમાં નિવૃત્ત પોલીસ અધિકારી સહિત દલિત આગેવાનોએ ભાજપનો ખેસ પહેર્યો

**પાલિકા વિસ્તારમાં ભાજપને જીતાડવા કામે લાગ્યા**




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

બાયડ પાલિકાનો ચૂંટણી જંગ જાહેર થતાં રાજકીય ગરમાવો શરૂ થયો છે. ભાજપ દ્વારા પ્રજાના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલા કામોથી પ્રભાવિત થઈ નિવૃત્ત ડી.વાય.એસ.પી. ડી.ડી.મકવાણા, નિવૃત્ત પી.આઈ., આર.કે.મકવાણા સહિત દલિત આગેવાનોએ ભાજપનો ખેસ પહેર્યો છે અને બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપને જીતાડવા માટે કામે લાગ્યા છે. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલ સહિત આગેવાન કાર્યકરોએ દલિત આગેવાનોને ખેસ પહેરાવી ભાજપ પ્રવેશને વધાવ્યો હતો.

બાયડ પાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધા જંગની સાથે ક્યાંક ત્રિકોણીયો જંગ જામે તેવી સંભાવના છે. ભાજપ અને કોંગ્રેસે ઉમેદવારી અંગેના પત્તા ખોલ્યા નથી પરંતુ દરેક વોર્ડમાં કયા રાજકીય પક્ષના કયા ઉમેદવાર આવશે તેની ચર્ચાઓએ ઠંડીના સૂસવાટામાં ગરમાવો લાવી દીધો છે. અગાઉ બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ દીનુભાઈ શંકરભાઈ પટેલે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપનો ખેસ ધારણ કર્યા પછી બાયડના કેટલાક દલિત આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કરતાં ભાજપ છાવણી ઘેલમાં આવી ગઈ છે. નિવૃત્ત પોલીસ અધિકારીઓ ઉપરાંત સામાજીક કાર્યકર મનુભાઈ મુફાભાઈ મકવાણા, બુધેશ્વર કાપડીયા વગેરે ભાજપમાં જોડાયા છે. બાયડ શહેર ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ પાલિકા પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના પૂર્વ ચેરમેન, હર્ષદભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ(મુખી), પૂર્વ કોર્પોરેટર ભરતભાઈ એસ. પટેલ, દીનુભાઈ પટેલ વગેરેએ દલિત આગેવાનોના ભાજપ પ્રવેશને વધાવ્યો હતો.

**નડીયાદ પોક્સો કોર્ટનો ચૂકાદો**

## તલોદના ઈસમને દુષ્કર્મ કેસમાં ૧૦ વર્ષની સજા

તલોદ (બ્યુરો ઓફિસ) તા.૧૦

તલોદમાં પશુ દવાખાના પાસે રહેતા મનુ કાન્તિભાઈ પરમારને સગીરા ઉપર દુષ્કર્મ કેસમાં નડીયાદ પોક્સો કોર્ટે ગુનેગાર ઠેરવી ૧૦ વર્ષની સજા અને ૪૦ હજારનો દંડ ફટકારતો હુકમ કરતાં તલોદ નગરમાં હલચલ મચી છે. જિલ્લામાં સગીરાઓના અપહરણ અને દુષ્કર્મ આચરવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે નડીયાદ પોક્સો કોર્ટનો ચૂકાદો આરોપીઓ માટે આંખ ઉઘાડનારા બની શકે છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તલોદના મનુ પરમારે ગત તા.૧-૯-૨૦૨૦ના રોજ ખેડા જિલ્લાના મહુધા તાલુકાથી સગીરાનું અપહરણ કરી ભગાડી લાવ્યો હતો અને મકાનમાં ગોંધી રાખી એક સપ્તાહ તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે મહુધા પોલીસે ગુનો નોંધી તલોદના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ નડીયાદ પોક્સો કોર્ટમાં રજૂ કરી હતી જેમાં તમામ સાધનિક પુરાવા અને સરકારી વકીલની દલીલને ધ્યાને રાખી પોક્સો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા અને રૂા.૪૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

## ચૂંટણી : સાબરકાંઠા, અરવલ્લીમાં ૧૬ સ્થળે મતગણતરી કેન્દ્ર

**એક હોલમાં માત્ર ૭ ટેબલ, થર્મલ સ્કેનિંગ, સેનેટાઈઝર ફરજીયાત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

રાજ્ય ચૂંટણીપંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મત ગણતરી માટે એસ.ઓ.પી. જાહેર કરી છે જે મુજબ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કુલ-૧૭ સ્થળે મત ગણતરી કેન્દ્ર ઉભા કરાશે. એક હોલમાં માત્ર ૭ ટેબલ રાખી શકાશે. કોરોનાની ગાઈડલાઈનનો અમલ કરવાની તમામ ચૂંટણી અધિકારીઓને સૂચના આપી મત ગણતરી સ્થળે થર્મલ સ્કેનિંગ, સેનેટાઈઝર ફરજીયાત કરાયું છે.

ભાજપ-કોંગ્રેસમાં ઉમેદવારોના નામ જાહેર થયા નથી ત્યાં ચૂંટણી વિભાગ દ્વારા તા.૨૮ ફેબ્રુઆરીએ કયા સ્થળે મત ગણતરી કરવામાં આવશે તેની વિગતો જાહેર કરી છે. મત ગણતરી સ્થળે ખાસ સુરક્ષા પ્રબંધની સાથે કોરોના ગાઈડલાઈનના ચૂસ્ત અમલ માટે ચૂંટણીપંચે નિયમો જાહેર કરી દીધા છે. સાબરકાંઠા, અરવલ્લી ચૂંટણી શાખા દ્વારા મત ગણતરી કેન્દ્રના સંભવિત સ્થળોની મુલાકાત લઈ તેની વ્યવસ્થા બાબતે રિપોર્ટ પણ કરવામાં આવ્યો છે.

**અરવલ્લીના મત ગણતરી સ્થળો..**

| તાલુકો | મત ગણતરી કેન્દ્ર |
|---|---|
| મોડાસા | સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા |
| ભિલોડા | આર.જી.બારોટ કોલેજ કેમ્પસ, ભિલોડા |
| મેઘરજ | પી.સી.એન.હાઈસ્કુલ, મેઘરજ |
| બાયડ | સરકારી વિનયન કોલેજ, બાયડ(વાત્રક) |
| માલપુર | પી.જી.મહેતા હાઈસ્કુલ, માલપુર |
| ધનસુરા | જે.એસ.મહેતા હાઈસ્કુલ, ધનસુરા |
| મોડાસા નગરપાલિકા | જે.બી.શાહ ઈંગ્લિશ મીડીયમ હાઈસ્કુલ |
| બાયડ નગરપાલિકા | બાયડ હાઈસ્કુલ |

## કમઠારીયામાં ઝેરી દવા પી જતાં આધેડનું મોત

**અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

ભિલોડા તાલુકાના કમઠારીયામાં કોઈ અગમ્ય કારણોસર કાનાભાઈ મંગળાભાઈ મોડીયાએ ઝેરી દવા પી જતાં ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા પછી તેમનું મોત નિપજ્યું છે. બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આધેડે કયા કારણોસર દવા પી આત્મહત્યા સુધીનું પગલું ભર્યું છે..?? વગેરે સવાલો ચર્ચાનો વિષય બન્યા છે.

આપઘાતના બનાવો સતત વધી રહ્યા છે. આર્થિક સ્થિતિ નબળી હોય કે પછી ઘરકંકાસના કારણે યુવાનો અને મહિલાઓ આત્મહત્યાનો માર્ગ અપનાવી રહી છે. અપમૃત્યુના કેસમાં હંમેશાં અગ્રેસર રહેતા ભિલોડા તાલુકામાં તા.૯ના રોજ કમઠારીયા ગામના કાનાભાઈ મોડીયાએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો જેથી પરિવારજનોએ તેમને સારવાર માટે ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં દવાની અસરથી તેમની હાલત વધુ ગંભીર જણાતાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા પરંતુ શરીરમાં ઝેરી દવાની અસર વધુ માત્રામાં ફેલાઈ જતાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે હિંમતનગર સિવિલ હોસ્પિટલના મેડીકલ ઓફીસર ડૉ.કે.ડી.તબીયાડની જાણના આધારે પોલીસે એડી નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોડાસા નગરપાલિકામાં નો-રિપીટ થીયરીનો અમલ..!!

**ખાસ કિસ્સાને બાદ કરતાં ભાજપ સંગઠનના પદાધિકારીઓને ચૂંટણી લડવા ઉપર બ્રેક**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારો પસંદ કરવાની ક્વાયત અંતિમ ચરણમાં છે. મોડાસા નગરપાલિકામાં નો-રિપીટ થીયરીનો ભાજપ અમલ કરી શકે છે. ખાસ કિસ્સાને બાદ કરતાં પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા ભાજપ સંગઠનના પદાધિકારીઓને ચૂંટણી લડવા ઉપર બ્રેક લગાવી દીધી છે. ૬૦ વર્ષથી ઉપરના કાર્યકર્તાને ચૂંટણીના મેદાનમાં નહીં ઉતારવાનો હાઈ કમાન્ડે જિલ્લા, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં પણ અમલ કરતાં અરવલ્લી જિલ્લામાં ૩૦ થી વધુ બેઠકો ઉપર છેલ્લી ઘડીએ અન્ય ઉમેદવારોને શોધવાની ભાજપને ફરજ પડી છે.

લાગે છે ભાજપના યુવાન કાર્યકરોના અચ્છે દિનની શરૂઆત થઈ રહી છે. પ્રદેશ પ્રમુખ તરીકે સી.આર.પાટીલે ચાર્જ સંભાળ્યા પછી ભાજપના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે પણ કોઈની સેહશરમમાં આવ્યા વગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોને જ મેદાનમાં ઉતારવા માટે મક્કમ બન્યા હતા અને નિરીક્ષકોએ જે તે વિસ્તારની મુલાકાત પછી ઉમેદવારોની નામાવલી હાઈકમાન્ડને સોંપી છે. પરંતુ છેલ્લી ઘડીએ અગાઉ થયેલી જાહેરાત મુજબ ૬૦ વર્ષથી ઉપરના કાર્યકર્તાઓને ટીકીટ નહીં આપવાનો નિર્ણય મહાનગરપાલિકાની જેમ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં અમલી બનાવવા હાઈકમાન્ડે સ્પષ્ટ સંકેત આપ્યા પછી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં ૬૦ વર્ષથી વધુની ઉંમર ધરાવતા ૩૦ થી વધુ કાર્યકરોને ટીકીટ નસીબ થઈ શકે તેમ નથી. છેલ્લી ઘડીએ ભાજપ સંગઠને અન્ય ઉમેદવારોને તૈયાર કરવાની ક્વાયત શરૂ કરતાં દોડધામ મચી હતી.

**આને કહેવાય નસીબ આડે પાંદડું..!!**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થયા પછી કોંગ્રેસના કેટલાક આગેવાનોએ પોતે હોંશિયામાં ધકેલાયા છે તેવી લાગણી અનુભવી ભાજપનો ભગવો ધારણ કર્યો હતો. કોંગ્રેસ સંગઠનમાં સારો હોદ્દો હોય અને ભાજપમાં પ્રવેશ મેળવ્યો હોય એટલે ટીકીટ કન્ફર્મ પણ થઈ હોય પરંતુ ગુજરાત પ્રદેશ ભાજપ હાઈકમાન્ડ દ્વારા ૬૦ વર્ષથી વધુની ઉંમરના કોઈપણ ટીકીટ વાંચ્છુકને મેદાનમાં નહીં ઉતારવાનો નિર્ણય લેતાં કોંગ્રેસ આગેવાનોને પક્ષ છોડ્યા પછી પણ અન્ય પક્ષમાં ઉંમરના કારણે ટીકીટ મળી શકે તેમ નથી. આને કહેવાય નસીબ આડે પાંદડું આવ્યું.

**૬૦ વર્ષથી ઉપરના કાર્યકર્તાઓને ટીકીટ નહીં આપવાના નિર્ણયથી છેલ્લી ઘડીએ બદલાવ**

## વિભાગનું સારૂ દેખાડવા માટે દબાણ કરવું કેટલા અંશે યોગ્ય

**કોરોના વેક્સિનેશન માટે દબાણ : જિલ્લામાં દબાણ કરનાર અધિકારી સામે તપાસ થઈ શકે છે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

જિલ્લામાં ફ્રન્ટલાઈન વોરિયર્સને કોરોનાની મફત રસી આપવામાં આવી હતી. જિલ્લામાં ૧૬ હજારથી વધુ કોરોના વોરિયર્સને પ્રથમ તબક્કામાં રસી આપવામાં આવી છે. આગામી મંગળવારથી બીજા તબક્કાનું રસીકરણ શરૂ થવાનું છે ત્યારે જિલ્લાના કેટલાક વિભાગના અધિકારીઓ દ્વારા કોરોના વેક્સિન માટે તાબાના કર્મચારીઓને દબાણ થતું હોવાના આક્ષેપ છે આ સંજોગોમાં વેક્સિનેશન લેવું કે ન લેવું તે મરજીયાત હોવા છતાં આવી રીતે દબાણ થાય તો જે તે અધિકારી સામે તપાસ થઈ શકે છે. વિભાગના વડાના આદેશથી અનેક કર્મચારીઓએ કોરોનાની વેક્સિન લીધી પરંતુ આડઅસર કેટલા કર્મચારીઓને થઈ તેના કેસ જાહેર થતા નથી.

વૈશ્વિક મહામારી બનીને ઉભરેલા કોરોના જિલ્લામાં બિનસત્તાવાર રીતે ૨૦૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. હજુ પણ કોરોના સંક્રમિત દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા હોય છે. ત્યારે ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને મફત રસીકરણ માટે વ્યવસ્થા કરી આપી હતી જે મુજબ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ડોક્ટર, આરોગ્ય કર્મીઓ, કેમીસ્ટ, પોલીસ, હોમગાર્ડ, શિક્ષકો સહિતના વિવિધ વિભાગના કર્મચારીઓનું વેક્સિનેશન પ્રથમ રાઉન્ડમાં કરવામાં આવ્યું છે ત્યારે કેટલાક વિભાગના અધિકારીઓ દ્વારા વેક્સિનેશન માટે કર્મચારીઓને ફરજ પડાતી હોવાના આરોપ લાગ્યા છે અને આવા અહેવાલના પગલે અનેક કર્મચારીઓએ ઈચ્છા ન હોવા છતાં કોરોના વેક્સિન લીધી હતી પરંતુ સાચી હકીકત તો એ છે કે વેક્સિન માટે કોઈ દબાણ ન કરી શકે અને જો દબાણ કર્યું હોય તો અધિકારી સામે તપાસ પણ થઈ શકે છે.

## હેપ્પી બર્થ-ડે..



**દિપેશ સંજયભાઈ વાળંદ**
**સાઠંબા**

## અવસાન નોંધ



સાઠંબા, તા.૧૦

બાયડ તાલુકાના સાઠંબા ગામના વિહાર પુરોહીતના પિતા નરેન્દ્રકુમાર કેશવલાલ પુરોહીતનું નિધન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૬ ફેબ્રુઆરી, મંગળવારે સવારે ૧૦-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન વાવફળી, સાઠંબા, તા.બાયડ ખાતે રાખેલ છે.